# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-06-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

*******************************************

- સંસદ સત્રનો આજે બીજો દિવસ....ગઈકાલે પ્રધાનમંત્રી મોદી સહિત 280 ચૂંટાયેલા સાંસદોએ શપથ ગ્રહણ કર્યા
- કેન્દ્રીય તપાસ સંસ્થા – CBIએ પટણા અને ગોધરામાં નોંધાયેલા કેસો હસ્તક લઈ તપાસ શરૂ કરી
- આજથી ભારતના યજમાન પદે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય ખાંડ સંસ્થાની ત્રી દિવસીય બેઠકનો પ્રારંભ
- હવામાન વિભાગે ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી
- અને ટી 20 વિશ્વકપમાં ઑસ્ટ્રેલિયાને હરાવી ભારત સેમિ-ફાઈનલમાં પહોંચ્યું, તો અત્યારે રમાઈ રહેલી મેચમાં અફઘાનિસ્તાને બાંગ્લાદેશને 116 રનનો લક્ષ્યાંક આપ્યો .

*******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LOK SABHA ADJOURN

લોકસભા સંસદ સત્રનો આજે બીજો દિવસ છે. અગિયાર વાગે લોકસભાનું સત્ર શરૂ થશે. ગઈકાલે લોકસભાના પ્રથમ સત્રની શરૂઆત થઈ હતી, પ્રથમ દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિત વિવિધ અગ્રણી નેતાઓએ સાંસદ સભ્ય તરીકે શપથ લીધા હતા. પ્રથમ દિવસ 280 નવા ચૂંટાયેલા સંસદ સભ્યોની શપથવિધિને સમર્પિત હતો. જે બાદ લોકસભાની કાર્યવાહી સ્થગિત કરાઈ હતી.

ઉપરના ગૃહમાં એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, ભાજપના અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડાને રાજ્યસભામાં ગૃહના નવા નેતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. દરમિયાન, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકેની ફરજ બજાવશે.

આવતીકાલે લોકસભા અધ્યક્ષની ચૂંટણી થશે. અને 27 જૂને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સંસદના બંને ગૃહોને સંયુક્ત સંબોધન કરશે.

આ પૂર્વે નવા સંસદ ભવન બહાર પત્રકારોને સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ તમામ નવા ચૂંટાયેલા સભ્યોને અભિનંદન આપ્યા હતા, અને કહ્યું કે નવી સરકાર સૌને સાથે લઈને દેશ સેવા માટે સમર્પિત રહેશે.

# CBI NEET

કેન્દ્રીય તપાસ સંસ્થા – સીબીઆઈની એક ટીમે NEET – UG પરીક્ષા પેપર લીક અંગેની તપાસ શરૂ કરી છે, જે અંતર્ગત બિહાર પોલીસના આર્થિક ગુનાખોરી યુનિટ પાસે રહેલા કેસોને પોતાને હસ્તક કર્યા છે. પેપર લીક અંગેના પુરાવાઓ મળ્યા બાદ બિહાર પોલીસના આર્થિક યુનિટે આ મામલે SITની રચના કરી હતી. જેની તપાસ હવે સીબીઆઈ કરશે. કેન્દ્રીય એજન્સી પટણાના શાસ્ત્રીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગેરરીતિ સહિત અન્ય ગુનાઓના કેસોની પણ તપાસ કરશે.

અકાશવાણીના સંવાદદાતા જણાવે છે કે સીબીઆઈને એક ટુકડીએ પટણા પહોંચ્યા બાદ બિહાર પોલીસના આર્થિક યુનિટના મુખ્ય કાર્યાલયની મુલાકાત લઈ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. બિહારના ગૃહ વિભાગે પણ આ મામલે સીબીઆઈને તપાસ માટે સહમતી દર્શાવી છે. પટણા પોલીસે 5 મેના રોજ આ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરી હતી.

પટણામાં આ મામલે 15 આરોપીઓ સામે કેસ દાખલ કરાયા છે, જેમાં કૌભાંડના મુખ્ય સૂત્રધાર, પેપર લીક બાબતેના એક સંગઠીત જૂથના સભ્યો તેમજ કેટલાક શકમંદો સામેલ છે, જેમને નેટ-યુજી પરીક્ષાના એક દિવસ પહેલા પ્રશ્ન પત્ર મળ્યું હતું.

# NEET CBI TEAM GODHRA

તો સીબીઆઈની એક ટીમ પંચમહાલ જિલ્લાના ગોધરા પહોંચી હતી. તપાસ માટે ગોધરા પહોંચેલી રાષ્ટ્રીય તપાસ સંસ્થા- CBIની ટીમે પૂછપરછ શરૂ કરી છે. આ સાથે પંચમહાલ જિલ્લા પોલીસ અધીક્ષક હિમાંશુ સોલંકી સહિત અન્ય પોલીસ અધિકારીઓ પણ ગોધરા સર્કિટ હાઉસ ખાતે હાજર રહ્યા હતા. આ અંગે પંચમહાલ જિલ્લા પોલીસ અધીક્ષક હિમાંશુ સોલંકીએ જણાવ્યું હતું કે હાલમાં કેસ CBIને સોંપવાની કામગીરી ચાલી રહી છે અને ગોધરા પોલીસ તપાસમાં મદદ કરી રહી છે.

પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, NEET UG -2024ની તારીખ પાંચમી મે રોજ લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિઓ અંગે ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન ભારત સરકાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

# International Sugar Organisation

આજથી ભારતનાં યજમાનપદે નવી દિલ્હીમાં ઇન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઇઝેશન, ISO કાઉન્સિલની બેઠક થશે. ખાંડ અને જૈવ ઇંધણ ક્ષેત્રને લગતાં મહત્વનાં મુદ્દા પર ચર્ચા માટે મળી રહેલી ત્રણ દિવસની આ બેઠકમાં 30થી વધુ દેશોનાં પ્રતિનિધીઓ હાજરી આપશે.

જૈવ ઇંધણ અને અન્ય આડપેદાશોનાં ઉત્પાદનમાં ભારતની આધુનિક ટેકનોલોજીનું નિદર્શન કરવા આંતરરાષ્ટ્રીય પ્રતિનિધીઓને ઉત્તરપ્રદેશનાં મુઝફ્ફરપુર ખાતેની અનાજ આધારિત ખાંડની ફેક્ટરીની મુલાકાતે લઈ જવામાં આવશે. ભારત વિશ્વમાં ખાંડનું સૌથી મોટું ગ્રાહક અને બીજા ક્રમનું ઉત્પાદક હોવાથી આઇએસઓ કાઉન્સિલે ભારતને 2024 માટે સંગઠનનું અધ્યક્ષ જાહેર કર્યું છે.

# - INDIA WEATHER

દક્ષિણ પશ્ચિમ ચોમાસું દિક્ષણથી ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે, જેને કારણે દેશના અનેક ભાગોમાં વરસાદી માહોલ જામ્યો છે.

દરમિયાન હવામાન વિભાગે ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત કેરળ, કર્ણાટક, કોંકણ અને ગોવા સહિતના વિવિધ ભાગોમાં ભારે વરસાદની અગાહી છે. હવામાન વિભાગ અનુસાર સિક્કિમ, તટિય પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને લક્ષદ્વીપમાં હળવોથી મધ્યમ વરસાદ જ્યારે કે કેટલાક અંતરિયાળ ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે.

ઉપરાંત ઓડિશા, મરાઠવાડા, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, તટિય આંધ્ર પ્રદેશ, દક્ષિણ પૂર્વ અને પૂર્વીય રાજસ્થાન, તેમજ બિહારમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જમ્મૂ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબના કેટલાક ભાગો, તામિલનાડુ તેમજ વિદર્ભમાં હળવો વરસાદ પડી શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# T20 WORLD CUP

I.C.C. T—20 વિશ્વકપનીસુપર—એઈટની બારમી મેચ હાલમાં સેન્ટ વિન્સેન્ટ ખાતે રમાઈ રહેલી મેચમાં અફઘાનિસ્તાને બાંગ્લાદેશને જીતવા માટે 116 રનનો લક્ષ્યાંક આપ્યો છે. સુપર એઈટની અગિયારમી મેચમાં ગઈકાલે ભારતે ઑસ્ટ્રેલિયાને 24 રનથી હરાવી સેમિ-ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ઑસ્ટ્રેલિયાની ટીમે ટોસ જીતી પહેલા બૉલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ટીમે 20 ઑવરમાં પાંચ વિકેટ ગુમાવી 205 રન બનાવ્યા હતા. રોહિત શર્માએ 92 રન, જ્યારે સુર્યકુમાર યાદવે 31, શિવમ દુબેએ 28 અને હાર્દિક પંડ્યાએ અણનમ 27 રન બનાવ્યા હતા. ઑસ્ટ્રેલિયા તરફથી માર્કસ સ્ટોઈનિસ અને મિચેલ સ્ટાર્કે બે—બે, જોશ હેઝલવુડે એક વિકેટ લીધી હતી.

ઑસ્ટ્રેલિયાના ટ્રાવિસ હેડે 76 રન, મિચેલ માર્શે 37, ગ્લેન મેક્સવેલે 20 રન બનાવ્યા હતા. ભારત તરફથી અર્શદીપ સિંહે 3, કુલદીપ યાદવે 2, જસપ્રીત બુમરાહ અને અક્ષર પટેલે એક—એક વિકેટ લીધી હતી.

# - ZIMBABWE T20

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ – B.C.C.I. એ 6 જુલાઈથી શરૂ થનારી ઝિમ્બાબ્વે સામેની પાંચ મેચની ટી–20 સિરીઝ માટે સોમવારે 15 સભ્યની ભારતીય ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, ઋષભ પંત અને સૂર્યકુમાર યાદવને આરામ આપવામાં આવ્યો છે.

ઝિમ્બાબ્વેની રાજધાની હરારેમાં યોજાનારી આ તમામ મેચ માટે શુબમન ગીલને કેપ્ટન બનાવવામાં આવ્યા છે. તેમની ટીમમાં યશસ્વી જયસ્વાલ, ઋતુરાજ ગાયકવાડ, અભિષેક શર્મા, રિન્કુ સિંહ, સંજુ સેમસન, ધ્રુવ જુરેલ, નીતિશ રેડ્ડી, રિયાન પરાગ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, આવેશ ખાન, ખલીલ અહમદ, મુકેશ કુમાર અને તુષાર દેશપાંડે સામેલ હશે. ભારતીય ટીમ ટી-20ની આ મેચ સાત, દસ, તેર અન 14 જુલાઈએ રમશે.

# LIC

જીવન વિમા નિગમ – LICએ વર્તમાન પૉલિસી ધારકોની પૉલિસી પ્રપ્ત કરવા માટે કેટલીક સંસ્થાઓ દ્વારા કરાયેલી રજૂઆત અંગે સ્પષ્ટીકરણ આપ્યું છે. કેટલાક એકમો દ્વારા પૉલિસિ સરન્ડર કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.

જોકે કોર્પોરેશને આ વાતને રદિયો આપ્યો છે. જેમાં કહેવાયું છે કે LICને કોઈ પણ એકમ કે એવી કોઈ સંસ્થા દ્વારા રજૂ કરાયેલ ઉત્પાદનો અને સેવાઓ સાથે સંબંધ નથી. LICએ પોતાના પૉલિસી ધારકોને આવી કોઈ પણ ઑફર અંગે પ્રતિક્રિયા આપતા પહેલા કોર્પોરેશન અધિકારીઓ સાથેચર્ચા કરવા આગ્રહ કર્યો છે.

# RAJA SHAHI EXPRESS

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ટ્રેન સેવા 77 વર્ષ બાદ ફરી શરૂ થવા જઈ રહી છે. ગત શનિવારે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસિના વચ્ચેની મુલાકાત બાદ આ જાહેરાત કરાઈ છે. કોલકાતા-ઢાકા 'મૈત્રી એક્સપ્રેસ' એ કોલકાતા-ખુલના'બંધન એક્સ્પ્રેસ' અને ન્યૂ જલપાઈગુડી-ઢાકા 'મિતાલી એક્સપ્રેસ' બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ચોથી આંતરરાષ્ટ્રીય ટ્રેન છે.

દિલ્હીમાં પત્રકારોને સંયુક્ત સંબોધનમાં બંને દેશોના પ્રધાનમંત્રી દ્વારા જાહેર 13 પ્રયાસોમાંથી એક છે. રાજાશાહી કોલકાતા ટ્રેન સેવાની પુનઃ શરૂઆત ઉત્તરી બાંગ્લાદેશના લોકો અને ખાસ કરીને વિશષ રૂપે રાજાશાહી ડિવીઝનના લોકો માટે મહત્વપૂર્ણ છે.

ઉત્તરી બાંગ્લાદેશના લોકોનું માનવું છે કે નવી ટ્રેન સેવાથી મુસાફરો માટે ભારત આવવું સરળ બનશે, સાથે જ બંને દેશો વચ્ચે પ્રત્યાયનનો નવો સેતુ ઉભો થશે. રાજાશાહી-કોલકાતા ટ્રેન સેવા 1947માં ભારત-પાકિસ્તાન વિભાજન પૂર્વે ચાલુ હતી. સ્થાનિક લોકો કોલકાતા પહોંચાડતી આ ટ્રેનની લાંબા સમયથી માગ કરી રહ્યા હતા.

# JAL SHAKTI ABHIYAN

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટિલે કહ્યું છે કે પાણી સુધી યોગ્ય પહોંચ મહિલા સશક્તિકરણની દિશામાં મજબૂત પગલું છે. દિલ્હીમાં ગઈકાલે જળશક્તિ ઝુંબેશ – કેચ ધી રેન 2024 કાર્યશાળાને સંબોધિત કરતા, શ્રી પાટિલે કહ્યું કે જળશક્તિ એ નારી શક્તિ છે, કારણ કે ગ્રામીણ ભારતમાં મહિલાઓને પાણીની અછતને કારણે સૌથી વધારે અસર થાય છે.

તેમણે પડકારોને સારી રીતે સમજવા માટે જળ શક્તિ ઝુંબેશ કાર્યશાળામાં મહિલાઓ, બિનસરકારી સંગઠનો તેમજ અન્ય હિત ધારકોને સાથે લાવવાનો આગ્રહ કર્યો હતો. શ્રી પાટિલે નક્કરપરિણામો માટે સમય મર્યાદા તૈયાર કરવા પર ભાર મૂક્યો હતો.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો  એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે પુન: ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.